INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

**અખબારી યાદી** **તા. ૦૨-૦૨-૨૦૨૬**

- **કેન્દ્ર સરકારે ગત બજેટમાં જાહેર કરેલ વિવિધ યોજનાના સામાજિક ક્ષેત્રમાં સરકારના વચનો ખોટા પડ્યા**
- **સરકારી યોજનાઓમાં વચન કરતાં ઓછો ખર્ચ કરવામાં આવ્યો.**
- **આરોગ્ય, શિક્ષણ, સામાજિક કલ્યાણ, કૃષિ, ગ્રામ વિકાસ, શહેરીવિકાસ અને નોર્થ ઈસ્ટ વિકાસના કુલ સાત વિભાગોમાં કુલ ૧,૨૧,૪૪૭ કરોડ જેટલી જંગી રકમ ન ખર્ચવાને કારણે કરોડો નાગરિકો પાયાની સેવા-સુવિધાના મળવાપાત્ર લાભોથી વંચિત રહ્યા,**

વર્ષ ૨૦૨૫-૨૬ ના બજેટમાં કેન્દ્ર સરકારે વિવિધ વિભાગો માટે કરોડો રૂપિયાની મોટી-મોટી જાહેરાત કરી હતી પણ હકીકત તપાસતા કેન્દ્રની મોદી સરકારની લકવાગ્રસ્ત નિતિ (પોલીસી પેરાલીસીસ), નબળી ઈચ્છા શક્તિ આયોજનના અભાવ અને ખામી યુક્ત શાસન વ્યવસ્થાના લીધે આરોગ્ય, શિક્ષણ, સામાજિક કલ્યાણ, કૃષિ, ગ્રામ વિકાસ, શહેરીવિકાસ અને નોર્થ ઈસ્ટ વિકાસના કુલ સાત વિભાગોમાં કુલ ૧,૨૧,૪૪૭ કરોડ જેટલી જંગી રકમ ન ખર્ચવાને કારણે કરોડો નાગરિકો પાયાની સેવા-સુવિધાના મળવાપાત્ર લાભોથી વંચિત રહ્યા, આ છે મોદી સરકારના સુશાસનનો બેનમૂન નમુનો...! જેનો આંકડા સાથે પર્દાફાશ કરતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, કેન્દ્રિય બજેટ ૨૦૨૬-૨૭ના દસ્તાવેજો દર્શાવે છે કે કેન્દ્ર સરકારે ગયા નાણાકીય વર્ષમાં સામાજિક ક્ષેત્રની મોટાભાગની યોજનાઓ પર વચન મુજબ ખર્ચ કર્યો નથી. જેના લીધે દેશના ગરીબ-સામાન્ય-મધ્યમવર્ગના કરોડો નાગરિકો લાભોથી વંચિત રહ્યાં છે. મનરેગાનો કાયદો નાબૂદ કરીને નવી યોજનાથી ભારતના ગ્રામિણ અર્થતંત્ર માટે ચિંતાનો વિષય ઊભો થયો છે. જલ જીવન મિશન પર ભારે કપાત કરવામાં આવી છે. ૬૭,૦૦૦ કરોડ રૂપિયા ખર્ચવાની યોજના હોવા છતાં સરકારે માત્ર ૧૭,૦૦૦ કરોડ રૂપિયા જ ખર્ચ્યા, જેના કારણે લાખો લોકોના સ્વચ્છ નળના પાણીના સપના અધૂરા રહ્યા. બીજીબાજુ દેશના અનેક શહેરી વિસ્તારોમાં શુધ્ધ પીવાના પાણીના અભાવે હજારો બાળકો અને નાગરિકો મોટા પાયે પાણીજન્ય રોગોથી ભોગ બની રહ્યાં છે. આવાસ યોજનાઓમાં પણ મોટો તફાવત જોવા મળ્યો છે. પીએમએવાય-શહેરી, પીએમએવાય-શહેરી ૨.૦ અને પીએમએવાય-ગ્રામિણ-ત્રણેય યોજનાઓમાં બજેટ અને વાસ્તવિક ખર્ચ વચ્ચે હજારો કરોડ રૂપિયાનો તફાવત જોવા મળ્યો છે.

બજેટ ૨૦૨૬ સ્પષ્ટ કરે છે કે મોદી સરકાર સામાજિક ક્ષેત્રને પ્રાથમિકતા આપવાનો દાવો કરે છે, પરંતુ હકીકતમાં ઘણી મહત્વની કલ્યાણકારી યોજનાઓમાં વચન અને ખર્ચ વચ્ચે મોટો અંતર જોવા મળે છે. છેલ્લા ઘણા સમયથી કેન્દ્રની ભાજપા સરકારની નિતિ અને નિયતમાં ખામીને લીધે ગરીબ અને નબળા વર્ગો પર તેની સીધી અસર પડી રહી છે. જેના લીધે દેશમાં સતત અસમાનતા વધી રહી છે.

| ૨૦૨૫-૨૬ ના વર્ષમાં ફાળવણી સામે વપરાયેલ નાણાં | |
|---|---|
| વિભાગ | ન વપરાયેલ નાણાંની રકમ (કરોડોમાં) |
| આરોગ્ય | ૩,૬૮૬ |
| શિક્ષણ | ૬,૭૦૧ |
| સામાજિક કલ્યાણ | ૯,૯૯૯ |
| કૃષિ | ૬,૯૮૫ |
| ગ્રામ્ય વિકાસ | ૫૩,૦૬૭ |
| શહેરી વિકાસ | ૩૯,૫૭૩ |
| નોર્થ-ઈસ્ટ વિકાસ | ૧,૪૩૬ |
| કુલ (ન વપરાયેલ નાણાં) | ૧,૨૧,૪૪૭ |

(ડૉ. મનિષ એમ. દોશી)
મીડીયા કન્વીનર અને પ્રવક્તા